# લોકાર્પણ સમારોહ - ૨૦૨૩






PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ માર્ચ - ૨૦૨૩, અંક નં. ૧૨૩ / ૪૮૯

ડૉ. પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજી



સ્વ. શ્રી કાંતિલાલ એન. શાહ


Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 March- 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 20

# શ્રી કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલનું લોકાર્પણ



કે. એન. શાહ
હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલનું
ડિઝીટલી ઉદ્દઘાટન કરતાં...
ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામી



કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલનું
દીપ પ્રાકટ્ય કરતાં... શ્રી નરેન્દ્રભાઈ શાહ અને પરિવાર



સન્માનિત દાતા પરિવારશ્રીને આશીર્વાદ



શ્રી કાંતિલાલ નારણદાસ શાહ પરિવાર...




કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો

# ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીના વરદ હસ્તે શ્રી કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલનું લોકાર્પણ

ઈન્કલુઝિવ સ્કૂલ એટલે સામાન્ય અને દિવ્યાંગ બાળકો એક સાથે શિક્ષણ મેળવે તેવી સ્કૂલ. આવી સ્કૂલને સંમિલિત શાળા પણ કહેવાય છે. આપણે ત્યાં અંગ્રેજ રાજ્યના સમયથી દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે તેની અલગ વિશિષ્ટ શાળાઓ હતી. દિવ્યાંગ બાળકોને સામાન્ય બાળકો સાથે ભણવાનો અધિકાર ન હતો. પરિણામે દિવ્યાંગ બાળકોના કૌશલ્યના વિકાસમાં ઘણી મર્યાદાઓ આવી જતી હતી. આઝાદી પછી દિવ્યાંગોના શિક્ષણ ક્ષેત્રે ઈન્કલ્યુઝન - સંમિલિત શિક્ષણનો પ્રવાહ શરૂ થયો. સામાન્ય બાળકો સાથે જ્યારે દિવ્યાંગ બાળકો અભ્યાસ કરે છે ત્યારે સમાજની મુખ્યધારામાં તેનો સ્વીકાર થાય છે, સંવેદના અને સહકારની ભાવના વધે છે અને દિવ્યાંગ બાળકોમાં સામાન્ય બાળકોની જેમ પ્રગતિ કરવાની પ્રેરણા જાગે છે. આવા બાળકોને સામાન્ય બાળકો સાથે સ્માર્ટ બોર્ડ, કોમ્પ્યુટર લેબ, વિગેરે આધુનિક સુવિધા સભર શિક્ષણ આપવા માટે PNR ના નટરાજ કેમ્પસમાં શ્રી કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલનું બાંધકામ કરવામાં આવ્યું. આ સ્કૂલ માટે શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ પરિવાર તરફથી માતબર દાન આપવામાં આવેલ છે. આ શાળામાં બાલમંદિરથી ધો. ૧૨ સામાન્ય વિજ્ઞાન પ્રવાહમાં ૪૦ દિવ્યાંગ બાળકો સાથે ૪૦૦ ઉપરાંત સામાન્ય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે.

PNR ના નટરાજ કેમ્પસમાં કોલેજ ઉપર હાઈટેક સ્કૂલ આવેલ હોવાથી દિવ્યાંગ બાળકોને શિક્ષણ ઉપરાંત જરૂરી એવી સ્પીચ થેરાપી, ફિઝીયો, ઓક્યુપેશનલ સાથો-સાથ વાલીઓને તાલીમ અને માર્ગદર્શન પણ મળી શકશે.

કાર્યક્રમના પ્રમુખ ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામીએ ડિઝીટલ માધ્યમથી હાઈટેક સ્કૂલનું લોકાર્પણ કરેલ હતું. દાતા પરિવારના શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી રાજભાઈ શાહ તથા શ્રી રાહુલભાઈ શાહ દીપ પ્રાગટયમાં સાથે જોડાયા હતાં.



તકિતનું અનાવરણ કરતા શ્રી નરેન્દ્રભાઈ તથા શ્રીમતી દયશ્રીબેન શાહ...

# શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ઓટિઝમ સ્કૂલ માટે માતબર યોગદાન

PNR સોસાયટી અને તેની સંલગ્નિત સંસ્થાઓમાં બહેરાં-મૂંગા, પ્રજ્ઞાચક્ષુ, મંદબુધ્ધિ, સેરીબ્રલ પાલ્સી તથા મલ્ટીપલ દિવ્યાંગો માટે નિદાન, ઓપરેશન, સારવાર અને શિક્ષણની મહત્વની સુવિધાઓ છે. પરંતુ જિલ્લામાં ઓટિઝમ સ્પેકટ્રમ ડિસઓર્ડર બાળકો માટે કોઈ સુવિધા કે સ્કૂલ નથી. છેલ્લાં થોડાં વર્ષથી સંસ્થાની સી.પી. સ્કૂલમાં આ વિષય ઉપર થોડું કામ થઈ રહ્યું છે, પરંતુ તેને માટે ફુલ ફલેજ સેન્ટરની જરૂરત હતી.

ઓટિઝમ સ્પેકટ્રમ ડિસઓર્ડર ધરાવતાં બાળકો સ્વલીન હોય છે. જેઓ સામાન્ય બાળકો જેઓ દેખાવ ધરાવે છે. પરંતુ અન્ય બાળકો સાથે આંખમાં આંખ મેળવીને વાત કરતા નથી. તેઓ સામાજિક કાર્યોથી અલિપ્ત રહેતા હોય છે. આ બાળકો પોતાની મસ્તીમાં મસ્ત રહેતાં હોય છે અને સામાન્ય રીતે વાતચીત કરવાની પહેલ કરતાં નથી. આવી ઘણી વિશિષ્ટતા ધરાવતાં બાળકો આપણી આસપાસ, સમાજમાં, સામાન્ય બાળકોની સ્કૂલોમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. લોકોમાં જાણકારી ન હોવાથી આ બાળકો તોફાની, ઠોઠ નિશાળીયામાં ખપી જાય છે. તેઓ જ્યાં જાય ત્યાં અપમાન-તિરસ્કાર અને મારઝૂડનો ભોગ બને છે. આવા વિશિષ્ટ બાળકોને ખાસ અભ્યાસક્રમ અને વર્તનગત થેરાપીની સારવાર મળી રહે તેવા હેતુવાળી ગુજરાતમાં ઓટિઝમ બાળકોની વિશિષ્ટ શાળા ઉપલબ્ધ નથી.

જેથી PNR ના નટરાજ કેમ્પસમાં સી.પી. સ્કૂલ ઉપર ઓટિઝમ સ્કૂલનું અદ્યતન બાંધકામ કરવા અપીલ કરવામાં આવતા, શ્રી કે.એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટના સર્વશ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી રાજભાઈ શાહ અને શ્રી રાહુલભાઈ શાહ વગેરેએ આ માટે સંપૂર્ણ યોગદાન આપવાની તૈયારી બતાવી હતી, જેને સહર્ષ વધાવી લેવામાં આવી.

આ શાળા બનવાથી સૌરાષ્ટ્ર અને ગુજરાતના ઓટિઝમ ધરાવતા બાળકો માટે અતિ જરૂરી એજ્યુકેશન, ઓક્યુપેશનલ થેરાપી, સેન્સરી ઈન્ટિગ્રેશન થેરાપી, સ્પીચ લેંગ્વેજ અને કોમ્યુનિકેશન થેરાપી, ઈત્તર પ્રવૃત્તિ વગેરેની તજજ્ઞો દ્વારા અદ્યતન સારવાર ઉપલબ્ધ બનશે, તેવું આશા કિરણ બન્યું છે.



દીપ પ્રાગટ્ય કરતા શ્રી દયશ્રીબેન, શ્રી માયાબેન, શ્રી માયશાબેન

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત વિદ્વાન વકતા ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામી (લાઈફ કોચ એન્ડ એમિનન્ટ સ્પીકર, BAPS સ્વામિનારાયણ સંસ્થા) એ પોતાના રાજીપો વ્યકત કરતા જણાવ્યું હતું કે, ''આ સંસ્થામાં થતી સેવા પ્રવૃત્તિઓ જોઈ થાય છે કે ખરા અર્થમાં માનવ સેવા થઈ રહી છે. ઈશ્વરે આપે તો ખૂબ છે પરંતુ આપવાનો વિચાર કરનારા કેટલા ? અહીં ધન અને સમયનું દાન આપનારા દાતાઓને મારા વંદન છે, ઈશ્વર તેમને ખૂબ આપે તેવી મારી પ્રાર્થના.'' દિવ્યાંગોને શીખ આપતા જણાવ્યું કે, દિવ્યાંગોમાં **વૈશ્વિક સિદ્ધિ પ્રાપ્ત વૈજ્ઞાનિકો, કલાકારો, રમતવીરો** પરિસ્થિતિ સામે ઝૂકતા ન હતા અને 'હમ હોંગે કામયાબ એક દિન' એ ગીત યાદ રાખ્યું હતું, જે તમે પણ ગાતા રહો.'' સંસ્થાના સ્થાપક શ્રી બાબાભાઈ શાહ અને ટ્રસ્ટીઓની નિષ્ઠાને બિરદાવતા તેમણે જણાવ્યું કે ''આવા માણસો બધું કોરાણે મૂકીને માનવ સેવામાં લાગે ત્યારે આટલી મોટી સંસ્થાનું નિર્માણ થતું હોય છે. માણસ જયારે માનવ સેવા અને પ્રભુ સેવાના ચશ્મા પહેરી લે ત્યારે દુનિયા બદલાઈ જતી હોય છે.''







કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામી તથા હોદ્દેદારો, દાતાશ્રીઓ ઉપસ્થિત તમામનું હાર્દિક સ્વાગત કરૂ છું.

**- શશીભાઈ વાઘર**




દર વર્ષની જેમ આ વર્ષે પણ કોર્પસ ફંડમાંથી રૂા. ૫.૨૫ લાખની ૫૯૬ લાભાર્થીઓને સાધન સહાય, સ્કોલરશીપ એનાયત કરાય રહી છે.

**- અલ્પેશભાઈ શેઠ**




દિવ્યાંગોના નિદાન, સારવાર, સર્જરી, શિક્ષણ, વ્યવસાયીક તાલીમ અને પુનઃસ્થાપન માટે દાયકાઓથી આ સંસ્થાઓ કામ કરી રહી છે. ભારત સરકારે આપણી સંસ્થાને દેશની આ પ્રકારની સૌથી મોટી સંસ્થા તરીકે બિરદાવી છે. આજના આ વિવિધ પ્રોજેકટોનું દીપ પ્રાગ્ટય કરી લોકાર્પણ કરવા ખુલ્લું મુકવા દાતાશ્રીઓને વિનંતી કરૂં છું.

**- પારસભાઈ શાહ**




સમયદાન આપનારા, મારા સહિતના કાર્યકરોનું સન્માન કરવા બદલ સંસ્થાનો આભાર માનું છું. આના પરિણામે સંસ્થાને સમયદાન કરનારા સારા કાર્યકતાઓ મળી રહેશે.

**- ધીરૂભાઈ ધંધુકિયા**





ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામી અને દાતાશ્રીઓ તથા મહાનુભાવોએ પોતાના વ્યસ્ત કાર્યક્રમ માંથી કિંમતી સમય આપ્યો છે. તે બદલ PNR સોસાયટી વતી આભારની લાગણી વ્યકત કરૂ છું.

**- કિરીટભાઈ રાઠોડ**












# લોકાર્પણ સમારોહ - ૨૦૨૩

PNR સોસાયટી, નટરાજ કોલેજ કેમ્પસ ભાવનગર ખાતે, દિવ્યાંગોના જીવનને સમૃધ્ધ બનાવતા વિવિધ પ્રકલ્પો-પ્રોજેકટ્સના લોકાર્પણનો કાર્યક્રમ ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામીજી (લાઈફ કોચ એન્ડ એમિનન્ટ સ્પીકર, BAPS સ્વામીનારાયણ સંસ્થા) ના પ્રમુખ સ્થાને યોજાઈ ગયો. શ્રી કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત 'હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ' નું ઉદ્દઘાટન તથા અન્ય દાતાઓની સખાવતથી નિર્મિત સોલાર રૂફટોપ, ફાયર સેફટી પ્રોજેકટ, વિદ્યાર્થીઓને સ્પોન્સર કરવાનો પ્રોજેકટ, કોન્જેનિટસ ડિફોર્મિટી પ્રોજેકટ, ઓક્સિજન પાઈપ લાઈન સિસ્ટમ પ્રોજેકટ, અંબા હોસ્ટેલ, 'અંકુર' સંસ્થા, એ.ટી. એન્ડ ટી., વી. સી. લોઢાવાળા હોસ્પિટલમાં આવશ્યક એવા અનેક પ્રોજેકટના લોકાર્પણ તથા લાભાર્થીઓને સાધન સહાય અને વિશિષ્ટ કામગીરી કરનાર વિવિધ વ્યક્તિઓનું સન્માન ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રારંભે અંધ ઉદ્યોગ શાળાના સંગીત શિક્ષક શ્રી ઋષિકેશભાઈ અને સાથીઓ દ્વારા પ્રાર્થના બાદ, સંસ્થાના પ્રમુખ શ્રી શશીભાઈ વાધર દ્વારા શાબ્દિક સ્વાગત તથા ટ્રસ્ટીગણોના હસ્તે મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાની ડોકયુમેન્ટ્રી વિશાળ પડદા પર દેખાડવામાં આવી હતી. સેક્રેટરી જનરલશ્રી પારસભાઈ શાહે સંસ્થાના વિવિધ પ્રકલ્પોનું દાતાશ્રીઓના વરદ હસ્તે દીપ પ્રાગટય કરી લોકાર્પણ કરાવ્યા હતાં. સમારંભના પ્રમુખ સ્થાનેથી ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામીજીએ આશીર્વચન આપતા, સંસ્થાની સેવા પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ પ્રસંગે BAPS ભાવનગરના સાધુ ત્યાગરાજ સ્વામી, સાધુ યોગવિજયદાસ સ્વામી તથા ટ્રસ્ટીશ્રીઓ અને દાતા પરિવારના શ્રી નરેન્દ્રભાઈ શાહ (ચેરમેન), શ્રી રાજભાઈ શાહ, શ્રી રાહુલભાઈ શાહ, શ્રી કૃષ્ણકાંતભાઈ ચિતલીયા (ઉપપ્રમુખ), શ્રી ભરતભાઈ પારેખ (ઉપપ્રમુખ), શ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી હરેનભાઈ સંઘવી, શ્રી મહેન્દ્રભાઈ શેઠ, શ્રી હર્ષદભાઈ શેઠ, શ્રી વામનભાઈ પારેખ, શ્રી સુનિલભાઈ મહેતા, શ્રી વિક્રમભાઈ ગોરડિયા, શ્રી પ્રફુલભાઈ શાહ (અમેરિકા), શ્રી શશીભાઈ વાધર, શ્રી બાબાભાઈ, શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી પ્રકાશભાઈ દેસાઈ, શ્રી પારસભાઈ શાહ, શ્રી લાભુભાઈ સોનાણી, શ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી રાજુભાઈ હકાણી વિગેરે મંચ પર ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી અલ્પેશભાઈ શેઠ ('અંકુર') એ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દિવ્યાંગ વિદ્યાર્થીઓને અનેક પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠતા માટે પુરસ્કાર તથા પ્રમાણપત્રોથી નવાજેલ હતા. શ્રી ધીરૂભાઈ ધંધુકિયાએ સન્માન પ્રાપ્ત મહાનુભાવો વતી પ્રતિભાવ આપેલ હતો. કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ તથા શ્રી જયેશભાઈ દવેએ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરી હતી.

કિરીટ રાઠોડ



પ્રતાપભાઈ પારેખ પોલિક્લિનીકનું દીપ પ્રાગટ્ય કરતા પારેખ પરિવાર



ઓડિટોરિયમ રીનોવેશનનું દીપ પ્રાકટય કરતાં... શ્રી કીર્તિભાઈ તથા શ્રી હરેનભાઈ સંઘવી



વિવિધ પ્રોજેકટો માટે... શ્રી મહેન્દ્રભાઈ અને શ્રી હર્ષદભાઈ શેઠ



વસંત ટેકનોલોજીનું દીપ પ્રાકટય કરતાં... શ્રી પ્રફુલભાઈ શાહ


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/2022-24, Monthly
- અંક નં. ૧૨૩ / ૪૮૯ : ૧૫ માર્ચ - ૨૦૨૩
- પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  E-mail : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  Visit us : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  અનંત કે. શાહ
- સહતંત્રી
  અશ્વિન પંડયા
  કિરીટ રાઠોડ
- પ્રિન્ટિંગ
  અંબા ઑફસેટ, ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦
- ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  રાજેશ પટેલ
- સંપાદક મંડળ
  ફાલ્ગુની ખાટસુરિયા
  ગજાનંદ ભટ્ટ
  જ્યોતિ ભટ્ટી
  આરિફ જેઠવા
  પારસ શાહ
  ભરત કનાડા
  રાજેશભાઈ હકાણી



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# દીપ પ્રાગટ્ય


શ્રી ભારતીબેન, શ્રી જયશ્રીબેન, શ્રી હર્ષાબેન


શ્રી રશ્મીબેન, શ્રી કાનનબેન, શ્રી ચારૂબેન


ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામી...


શ્રી ત્યાગરાજ સ્વામી...

## લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું પૂષ્પગુચ્છથી સન્માન


ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામી...


દાતાશ્રી નરેન્દ્રભાઈ શાહ...


દાતાશ્રી રાહુલભાઈ શાહ...


દાતાશ્રી રાજભાઈ શાહ...



શ્રી વામનભાઈ પારેખ...


શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા...




શ્રી ભરતભાઈ પારેખ...



શ્રી કીર્તિભાઈ સંઘવી...



શ્રી હરેનભાઈ સંઘવી...



શ્રી મહેન્દ્રભાઈ શેઠ...



શ્રી હર્ષદભાઈ શેઠ...



શ્રી વિક્રમભાઈ ગોરડિયા...



શ્રી સુનિલભાઈ મહેતા...



શ્રી પ્રફુલભાઈ શાહ...



પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત



સ્વામીજીને પુસ્તક અર્પણ કરતા શ્રી લાભુભાઈ સોનાણી


લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત ભાઈઓ...


લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત બહેનો...



કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો


શ્રી છોટાલાલ નારણદાસ શાહ પરિવાર...

## પ્રોજેક્ટની તક્તિનું અનાવરણ કરતા દાતાશ્રીઓ તેમજ પરિવારજનો


શ્રીમતી ભારતીબેન શાહ...


શ્રી હર્ષાબેન સુબોધભાઈ શાહ...


શ્રીમતી ભાવનાબેન જે. ગાંધી...


શ્રીમતી દયશ્રીબેન શાહ...


શ્રી જયંતભાઈ તથા
શ્રીમતી ભાવનાબેન ગાંધી...


શ્રી દેવાંગકુમાર,
શ્વેતાબેન અને
પરિવાર...



શ્રી દીપકભાઈ છોટાલાલ શાહ...



શ્રી હંસાબેન જીતેન્દ્રભાઈ શાહ...




શ્રી મહેન્દ્રભાઈ શેઠ (ગલિયાકોટવાળા) તથા પરિવારજનો...



શ્રી ધારાબેન, શ્રી કલશબેન અને શ્રી શ્વેતાબેન...



શ્રીમતી માયશા અને શ્રી રાહુલભાઈ સાથે શ્રીમતી માયાબેન...




શ્રી કેવિન શાહ અને શ્રીમતી કલશ શાહ...



શ્રીમતી હર્ષાબેન શાહ અને પરિવારજનો...



શ્રી ભરતભાઈ લાખાણી અને શ્રી દિલીપભાઈ લાખાણી...



શ્રીમતી કાંતાબેન રતિલાલ વખારિયા પરિવાર...



શ્રીમતી માયશા રાહુલ શાહ અને પરિવારજનો...



શ્રી વિજયભાઈ
છોટાલાલ પરિવાર...



શ્રી પ્રકાશભાઈ દેસાઈ,
રોનક કોર્પોરેશન વતી...



શ્રી વિક્રમભાઈ ગોરડીયા...



દાતાશ્રી વતી
તક્તિ પૂજન કરતા
શ્રી પ્રકાશભાઈ દેસાઈ...



શ્રી ભૂપેન્દ્રભાઈ તથા
શ્રીમતી ભારતીબેન શાહ



વી.સી. લોટાવાળા હોસ્પિટલમાં
ગલિયાકોટવાળા પરિવાર દ્વારા તક્તિ અનાવરણ...



શ્રી છોટાલાલ નારણદાસ શાહ પરિવાર



VCLમાં
સીવણ ક્લાસની
મુલાકાત



પ્રતાપભાઈ પારેખ
પોલિક્લિનીકનું
ઉદ્‌ઘાટન કરતાં...



દાતાશ્રી નરેન્દ્રભાઈ શાહ


દાતાશ્રી રાજભાઈ શાહ

# PNR માં સેવારત મહાનુભાવોનું ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામી દ્વારા સન્માન



દાતાશ્રી રાહુલભાઈ શાહ



બાંધકામ કમિટીના ચેરમેન શ્રી ગિરીશભાઈ શાહ



બાંધકામ કમિટીના આર્કિટેક શ્રી રજનીકાંત મચ્છર



બાંધકામ કમિટીના એન્જિનિયર શ્રી અમિતભાઈ શાહ



હોસ્પિટલ કમિટીના ચેરમેન શ્રી મહાસુખભાઈ ઝકડિયા



PNRના ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા



હાઈટેક ઈન્ક્લુઝિવ સ્કૂલના ચેરમેન શ્રી ધીરૂભાઈ ધંધુકિયા



PNRના માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ

# PNR માં સેવારત મહાનુભાવોનું ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામી દ્વારા સન્માન



PNRના ટ્રસ્ટી શ્રી પ્રદીપભાઈ ભટ્ટ



PNRના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ હકાણી



શ્રી રશ્મીબેન પારેખના હસ્તે...

# સાધન સહાય અર્પણ



શ્રીમતી જયશ્રીબેન કે. સંઘવીના હસ્તે...



શ્રી ભારતીબેન સંઘવીના હસ્તે...


શ્રી નરેન્દ્રભાઈ શાહના હસ્તે...


શ્રી રાજભાઈ શાહના હસ્તે...

# સાધન સહાય અર્પણ


શ્રી રાહુલભાઈ શાહના હસ્તે...


શ્રી વામનભાઈ પારેખના હસ્તે...


શ્રી સુનીલભાઈ મહેતાના હસ્તે...


શ્રી ભરતભાઈ પારેખના હસ્તે...


શ્રી પ્રકાશભાઈ દેસાઈના હસ્તે...



શ્રી શશીકાંતભાઈ વાઘરના હસ્તે...



શ્રી પારસભાઈ શાહના હસ્તે...



શ્રી પ્રફુલભાઈ શાહના હસ્તે...



શ્રી વિક્રમભાઈ ગોરડિયાના હસ્તે...



શ્રી કૃષ્ણકાંતભાઈ ચિતલીયાના હસ્તે...



શ્રી લાભુભાઈ સોનાણીના હસ્તે...

# વિવિધ સંસ્થાઓની મુલાકાતે મહેમાનશ્રીઓ...


PNR હોસ્પિટલમાં...


નટરાજ સી.પી. સ્કૂલમાં...


'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં...


'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં...


'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં...


કે.કે. બ્લાઈન્ડ સ્કૂલના વિજેતાઓને પ્રોત્સાહન...


કે. કે. બ્લાઈન્ડ સ્કૂલની મુલાકાતે...


કે. કે. બ્લાઈન્ડ સ્કૂલની મુલાકાતે...





બહેરાં મૂંગા શાળાની મુલાકાતે...



બહેરાં મૂંગા શાળાની મુલાકાતે...



કે. કે. બ્લાઈન્ડ સ્કૂલની મુલાકાતે...




વી.સી. લોઢાવાળા હોસ્પિટલમાં...



કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલની મુલાકાત...

# એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ વાર્ષિક કાર્યક્રમ

તા.૧૭ ફેબ્રુ. `૨૩ ના રોજ એ.ટી.એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટનો વાર્ષિક કાર્યક્રમ અમેરિકા સ્થિત શ્રી પ્રફુલભાઈ શાહ, શ્રીમતિ રેણુબેન શાહ તેમજ મહેમાનો અને તાલીમાર્થીઓની ઉપસ્થિતીમાં સંસ્થાના ઓડિટોરીયમમાં યોજાય ગયો. શાબ્દિક સ્વાગત માનદમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરેલ. વિકલાંગોને વિનામૂલ્યે અપાતી કોમ્પ્યુટરની તાલીમ વિ. વિષે શ્રી કૌશિકભાઈ પરમારે, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરેલ. શ્રી પ્રફુલભાઈ શાહે તાલીમાર્થીઓને પ્રોત્સાહક વકતવ્ય આપેલ. આ પ્રસંગે ગ્રામ્ય તાલીમાર્થીઓ ઓનલાઈન તાલીમ મેળવી શકે તે માટે લેપટોપ વિ. અર્પણ કરવામાં આવેલ. શ્રીમતી માલતીબેન દલાલ અને શ્યામલાલ દલાલ હેન્ડિકેપ વેલ્ફેર ફાઉન્ડેશન કોર્પસ ફંડમાંથી સાત તાલીમાર્થીઓને બાયસીકલ, બે ને વ્હીલચેર, એક ને ટ્રાયસીકલ અર્પણ કરવામાં આવેલ. શ્રી અલ્પેશભાઈ સુતરિયા પોસ્ટ ઓફિસમાં નોકરી મેળવવામાં સફળ થયેલ છે, તેમણે એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજીમાં અપાતી તાલીમ તેમને કઈ રીતે ઉપયોગી થઈ, તે વિષે પ્રાસંગિક ઉદબોધન કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કર્યું હતું. સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે આભારવિધિ કરી હતી.



'વસંત ટેકનોલોજી ફોર ડેફ પ્રોજેક્ટ' નું ઉદ્દઘાટન કરતાં શ્રીમતી રેણુકાબેન અને પ્રફુલભાઈ શાહ (USA)



ઓનલાઈન અભ્યાસ માટે લેપટોપ વિતરણ કરતાં શ્રીમતી રેણુકાબેન શાહ



AT & T ટેકનોલોજી પાર્કમાં 'ઓનલાઈન એજ્યુ.' નું દીપ પ્રાકટ્ય કરી ઉદ્દઘાટન કરતાં શ્રી પ્રફુલભાઈ શાહ



ઉપસ્થિત આમંત્રિતો




AT & T વાર્ષિક કાર્યક્રમનું દીપ પ્રાકટ્ય દ્વારા ઉદ્દઘાટન...

રંગ દરબાર

# PNR અને સંલગ્નિત સંસ્થાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ

PNR સોસાયટી તથા સંલગ્નિત સંસ્થાઓના બાળકોએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૧૮ ફેબ્રુ.'૨૩ ના રોજ નટરાજ ઓડિટોરિયમમાં પધારેલ દાતાશ્રી પરિવારો અને શુભેચ્છકો માટે, વિશિષ્ટ તથા સમધારણ શિક્ષકોની જહેમતથી તૈયાર કરેલ, જેમાં બાળગીત, રંગ દરબાર, સોલો સોંગ, નાટક, યોગાસન, ગીત, અભિનય અને અનેકવિધ નૃત્ય રજૂ કરી ઓડિટોરિયમહોલને ગજવી દીધો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝાએ કર્યું હતું.




'રંગ દરબાર' કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ



'દેશભક્તિ ગીત' 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા



'રાસ'... કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ




'સમૂહ પ્રાર્થના'



'એક પાત્રિય અભિનય' બ્લાઈન્ડ સ્કૂલ



'ફિલ્મી ગીત' સી.પી. સ્કૂલ



'એજ્યુકેશનલ થીમ ડાન્સ' કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ



સ્વામીજીની લાક્ષણિક મુદ્રા




કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીત





ઉપસ્થિત આમંત્રિતો





સંગીત સંધ્યા

## શુભેચ્છા સંદેશ



લોકાર્પણ સમારંભ
કાર્યક્રમ માટે હું
મારી હ્યદયપૂર્વકની
શુભેચ્છાઓ પાઠવું છું.

**- રાજેન્દ્રસિંહ રાણા**
**પૂર્વ સાંસદ, ભાવ.**



સમારંભની સંપૂર્ણ સફળતા ઈચ્છું છું,
ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામીને
મારા વંદન અને આપ સૌ
સાથીઓને મારી શુભેચ્છાઓ.

**- મોહન પટેલ,**
**પૂર્વ શેરીફ-મુંબઈ**



My good wishes are with the cause you are serving since many many years.

**- Vasantrai M. Gandhi,**
**New York, USA**

Our eternal prayers for the enhanced Shakti and Bhakti for the grand success of all initiatives undertaken by the august institution doing wonderful work

**- Rasesh R. Doshi,**
**Mumbai**

| | |
|---|---|
| Dr. Navinbhai Modi | Himmatnagar |
| Jayantbhai Shroff | USA |
| Mahendra Thacker | RCBN Mumbai |
| Dr. J. P. Maiyani | Bhavnagar |
| Ramesh Sanghavi | Bhuj |
| Hemendra Shah - Rotary Club Bombay North | Mumbai |
| Parul & Falgun - Shaishav | Bhavnagar |
| J.M. Mehta | Mumbai |
| Mrs. Asha Mehta & Mr. Rajiv Mehta, Trustee Ratna Nidhi Cheritable Trust | Mumbai |
| Piyushbhai Parasharya, Aashis Parasharya | Baroda |

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 March- 2023 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 20

# LOKARPAN FUNCTION DONATION DECLARED - 2023

## PNR SOCIETY

| Name Of The Donor | Amount Rs. |
|---|---|
| Shri Krishnakantbhai V. Chitalia - Mumbai | 1,00,000/- |
| Smt. Kalash & Kevin Rajbhai - Mumbai | 3,33,333/- |
| Shri Bhupendra Mehta - Mumbai | 3,21,000/- |
| Smt. Bharati Bhupendra Shah - Mumbai | 5,00,000/- |
| Smt. Bharati Bhupendra Shah - Mumbai | 2,50,000/- |
| Smt. Harshaben Subodh Shah - Mumbai | 50,000/- |
| Smt. Bhavnaben Jayantbhai Gandhi-Mumbai | 50,000/- |
| Smt. Kantaben Vakharia - Mumbai | 51,000/- |
| Smt. Kantaben Mansukhlal Shah - Surat | 1,00,000/- |
| Shri Rayansh Digant Parekh - Mumbai | 1,00,000/- |
| Shri Chhaganbhai Gadhiya - Mumbai | 1,25,000/- |
| Shri Bharatbhai Daftari - Mumbai | 71,000/- |
| Shri Jignesh Shah - Mumbai | 11,000/- |
| Shri Sadikbhai Laxmidhar - Rajkot | 21,000/- |
| Shri Husain Laxmidhar - Vinchhiya | 25,000/- |
| Smt. Kashmira Amit Sheth - Surat | 21,000/- |
| Shri Nileshbhai Shashibhai Vadhar-Bangalore | 5,00,000/- |
| Shri Amitbhai P. Shah Engi. - Bhavnagar | 11,000/- |

## K.L. INSTITUTE FOR THE DEAF

| Name Of The Donor | Amount Rs. |
|---|---|
| Shri Krishnakantbhai V. Chitalia - Mumbai | 1,00,000/- |
| Smt. Bharati Bhupendra Shah - Mumbai | 1,25,000/- |
| Shri Amitbhai P. Shah Engi. - Bhavnagar | 11,000/- |

## ANKUR SCHOOL FOR THE MENTALLY RETARDED CHILDREN

| Name Of The Donor | Amount Rs. |
|---|---|
| Shri Krishnakantbhai V. Chitalia - Mumbai | 1,00,000/- |
| Smt. Bharati Bhupendra Shah - Mumbai | 1,25,000/- |
| Shri Pradipbhai Shah - Mumbai | 2,00,000/- |
| Shri Amitbhai P. Shah Engi. - Bhavnagar | 11,000/- |

# LOKARPAN FUNCTION DONATION DECLARED - 2023

## K K SCHOOL AND HOME FOR THE BLIND

| Name Of The Donor | Amount Rs. |
|---|---|
| Shri Krishnakantbhai V. Chitalia - Mumbai | 1,00,000/- |
| Smt. Bharati Bhupendra Shah - Mumbai | 1,25,000/- |
| Shri Amitbhai P. Shah Engi. - Bhavnagar | 11,000/- |

## BHAVNAGAR NAVJAVAN SANGH

| Name Of The Donor | Amount Rs. |
|---|---|
| Shri Krishnakantbhai V. Chitalia - Mumbai | 1,00,000/- |
| Well wisher | 5,00,000/- |
| Shri Amitbhai P. Shah Engi. - Bhavnagar | 11,000/- |
| Smt. Falguniben Ashokbhai Khatsuria - Bhavnagar | 11,000/- |
| Shri Suryakantbhai Chavda - Bhavnagar | 5,001/- |







PRINTED MATTER

If undelivered, Please return to
Shri Shah K. L. Institute for the Deaf, 51, Vidyanagar, Bhavnagar-364 002. (Gujarat)

...... CONTACT US ......

PNR Society for Relief & Rehabilitation of the Disabled

Nataraj College Campus,
Near Sardar Patel School,
Kaliyabid, BHAVNAGAR.
(Guj.-India)
Tel. (0278) 2570126 / 2470232
E-mail : info@pnrsoceity.org
Website : www.pnrsociety.org

PNR HOPE 4 HANDICAPPED